RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 199* Date: 17.05.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### તમામ વેરિએન્ટ પર અસરદાર

## ડબલ મ્યૂટન્ટ વેરિએન્ટની સાથે બ્રિટનના સ્ટ્રેનને પણ ખતમ કરી નાખે છે કોવેક્સિન




ન્યૂયોર્ક

અમેરિકાના સ્વતંત્ર જર્નલ ક્લીનિકલ ઈન્ફેક્શિયસ ડિસીઝે રવિવારે કોરોનાની સ્વદેશી વેક્સિન કોવેક્સિન અંગે સારા સમાચાર આપ્યા છે. તેમના સ્ટડીમાં દાવો કરવામાં આવ્યો છે કે કોવેક્સિન ભારતમાં જોવા મળેલા ડબલ મ્યૂટન્ટ કોરોના વેરિએન્ટ વિરૂદ્ધ ઘણી હદ સુધી પ્રોટેક્શન આપે છે. સાથે જ આ બ્રિટનમાં મળેલા વેરિએન્ટ સહિત અન્ય સ્ટ્રેનને પણ ખતમ કરી દે છે.

આ પહેલાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ પણ કોવેક્સિને લગભગ તમામ પ્રમુખ વેરિએન્ટ પર અસરકારક ગણાવી હતી.

કોરોના વેક્સિન બનાવનારી હૈદરાબાદની કંપની ભારત બાયોટેક અને ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (ICMR)એ હાલમાં જ કોવેક્સિનના ત્રીજા ફેઝનો ઈન્ટરિમ ક્લિનિકલ ટ્રાયલ રિપોર્ટ જાહેર કર્યો હતો. રિપોર્ટમાં ભારતમાં નિર્મિત કોવેક્સિનને ક્લિનિકલી ૭૮% અને કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત દર્દીઓ પર ૧૦૦% સુધી પ્રભાવી ગણાવવામાં આવી છે. કંપનીએ પોતાના બીજા વિશ્લેષણમાં કોરોનાના ૮૭ સિમ્પટમ્સ પર રિસર્ચ કર્યું હતું.

બાદમાં વધતા સંક્રમણ પછી કંપનીએ ત્રીજા ફેઝ માટે ૧૨૭ લક્ષણો પર વિશ્લેષણ કર્યું. જેમાં કોવેક્સિનની એફિકેસી ૭૮% સુધી જોવા મળી હતી. કંપની વેક્સિનનો અંતિમ રિપોર્ટ જૂનમાં જાહેર કરશે. ત્રીજા ફેઝની સ્ટડીમાં ૧૮-૯૮ વર્ષની નીચેના ૨૫,૮૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા, જેમાં ૧૦% ૬૦ વર્ષથી વધુ ઉમરના લોકો સામેલ થયા હતા.

ભારત બાયોટેકે કોવેક્સિનને ટ્રેડિશનલ પ્લેટફોર્મ પર બનાવી છે. જેમાં ઈનએક્ટિવેટેડ વાયરસને શરીરમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે, જે શરીરમાં વધતા્ નથી પરંતુ તેની સામે લડવા માટે એન્ટીબોડી જરૂરથી તૈયાર કરે છે. સારી વાત એ છે કે તે સમગ્ર વાયરસને નિશાન બનાવે છે, જેમાં તેમાં થનારા ફેરફાર પર જ આ અસરકારક છે. સૌથી સારી વાત એ છે કે કોવેક્સિન દુનિયાની પહેલી એવી વેક્સિન છે,જેમાં તમામ વેરિએન્ટ્સ સામે લડવાની શક્તિ છે.

ભારત બાયોટેકના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર ડૉ. કૃષ્ણા એલ્લાનું કહેવું છે કે ક્લિનિકલ ટ્રાયલ્સના ત્રણ ફેઝમાં ૨૭ હજાર વોલેન્ટિયર્સ પર વેક્સિનનો પ્રયોગ કર્યો છે. ફેઝ-૩ ક્લિનિકલ ટ્રાયલ્સના પરિણામની સાથે તે વાત પુરવાર થઈ ગઈ છે કે કોવેક્સિન કોરોના વાયરસ વિરૂદ્ધ અસરકારક છે. આ વેક્સિન ઝડપથી સામે આવી રહેલા કોરોના વાયરસના અન્ય વેરિએન્ટ્સ વિરૂદ્ધ પણ અસરદાર છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૮૨૧૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૭૫૨૬૧૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૮૨**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૪૪૮૩**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૬૩૮૫૯૦**

### એઈમ્સના ડિરેક્ટર જણાવ્યું હતું કે મ્યુકોરમાઈકોસિસ બીમારીમાં ચહેરા, આંખ અથવા મગજને અસર કરી શકે

# બે રાજ્યમાં લોકડાઉન એક સપ્તાહ વધ્યું:દિલ્હી અને હરિયાણામાં ૨૪ મે સુધી નિયંત્રણો યથાવત રહેશે

નવી દિલ્હી

દિલ્હી અને હરિયાણામાં લોકડાઉનને લંબાવવામાં આવ્યું છે. બન્ને રાજ્યોમાં હવે ૨૪ મે સુધી નિયંત્રણો જારી રહેશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને હરિયાણાના CM મનોહર લાલ ખટ્ટરે રવિવારે આ અંગે જાહેરાત કરી હતી. કેજરીવાલે જણાવ્યું કે કોરોનાને કાબૂમાં લેવા માટે ૧૭ મેના રોજ પૂરા થનારા લોકડાઉનને ૨૪ મે સુધી લંબાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અમે વેક્સિનની અછત અંગે કેન્દ્રને પત્ર લખ્યો છે. જ્યારે ખટ્ટરે કહ્યું કે આ વખતે લોકડાઉમાં વધારે કડકાઈ રાખવામાં આવશે.

લોકડાઉનની સફળતા અંગે જણાવતા કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં લોકડાઉનની સારી અસર જોવા મળી રહી છે. ૨૬ એપ્રિલ બાદથી નવા કેસમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે અને છેલ્લા બે-ત્રણ દિવસમાં સંક્રમણનો દર પણ ઘટતો જોવા મળી રહ્યો છે. ધીમે ધીમે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. આ અમારા માટે સારા સંકેત છે.

દેશમાં હવે કોરોનાની બીજી લહેર ધીમી પડતી જોવા મળી રહી છે. ગઈકાલે દેશમાં ૩ લાખ ૧૦ હજાર ૫૮૦ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ હતી. છેલ્લા ૨૫ દિવસમાં આ આંકડો સૌથી ઓછા છે. આ પહેલા ૨૦ એપ્રિલે ૨ લાખ ૯૪ હજાર ૩૭૮ નવા કેસ નોંધાયા હતા.

જો કે, મોતનો આંકડો હજી પણ ચિંતાનો વિષય છે. દેશમાં શનિવારે કોરોનાને કારણે ૪,૦૭૫ લોકોનાં મોત નીપજ્યાં હતાં. મે મહિનામાં આ છઠ્ઠી વખત છે, જ્યારે એક દિવસમાં ચાર હજારથી વધુ દર્દીઓ મૃત્યુ પામ્યા છે.

રાહતની વાત એ પણ છે કે કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ગઈકાલે કુલ ૩ લાખ ૬૨ હજાર ૩૬૭ લોકોએ કોરોનાને માટ આપી હતી. આ રીતે, એક્ટિવ કેસ એટલે કે સારવાર આપવામાં આવતા દર્દીઓની સંખ્યામાં ૫૫,૯૩૧ નો ઘટાડો થયો છે. આ વર્ષે એક્ટિવ કેસોમાં આ સૌથી મોટો ઘટાડો છે.

દેશનાં ૧૯ રાજ્યમાં સંપૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં હિમાચલ પ્રદેશ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, મિઝોરમ, ગોવા, તેલંગાણા અને પુડુચેરી સામેલ છે. અહી પહેલાંના લોકડાઉન જેવા કડક પ્રતિબંધો છે.

દેશમાં ૧૪ રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે, એટલે કે અહીં પ્રતિબંધો છે, પણ છૂટ પણ છે. આમાં પંજાબ, જમ્મુ-કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, નાગાલેન્ડ, આસામ, મણિપુર, ત્રિપુરા, આંધ્રપ્રદેશ અને ગુજરાત સામેલ છે.

એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે મ્યુકોરમાઈકોસિસ બીમારીમાં ચહેરા, આંખ અથવા મગજને અસર કરી શકે છે. આનાથી આંખની રોશની પણ જઈ શકે છે. મ્યુકોરમાઈકોસિસના કણો માટી, હવા અને ખોરાકમાં પણ હોઈ શકે છે. કોરોના પહેલાં મ્યુકોરમાઈકોસિસના કેસો ભાગ્યે જ જોવા મળતા હતા, પરંતુ કોરોનાને કારણે વધ્યા છે.

આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૧૫ મે સુધીમાં ૪૫ કે તેથી વધુ વયના ૧૩.૭૪ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે. તેમાંથી ૧૧.૧૧ કરોડને પ્રથમ ડોઝ મળ્યો અને ૨.૬૩ કરોડ લોકોને બંને ડોઝ મળ્યા છે. જ્યારે, ૧૮ થી ૪૪ વર્ષના ૪૨.૫૯ લાખ લોકોને પહેલો ડોઝ પહેલેથી મળી ચૂક્યો છે.

યુપીની યોગી સરકારે ૫ મી વખત લોકડાઉન વધાર્યું છે. રાજ્યમાં હવે ૨૪ મે સુધી લોકડાઉન રહેશે. શનિવારે સાંજે યોગી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ યુપીમાં ૧૭ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું હતું.

અહીં શનિવારે ૩૪,૮૪૮ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. ૫૯,૦૭૩ લોકો સ્વસ્થ થયા અને ૯૬૦ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૩.૪૪ લાખ લોકો સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે. તેમાં ૪૭.૬૭ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૮૦,૫૧૨ લોકો મૃત્યુ પામ્યા છે. હાલમાં ૪.૯૪ લાખ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

શનિવારે ૧૨,૫૧૩ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. ૨૮,૪૦૪ લોકો સાજા થયા અને ૨૮૧ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૬.૦૯ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૧૪.૧૪ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૭,૨૩૮ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. અહીં, ૧.૭૭ લાખ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.



દિલ્હીમાં શનિવારે ૬,૪૩૦ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૧૧,૫૯૨ લોકો સ્વસ્થ થયા અને ૩૩૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૧૩.૮૭ લાખ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી, ૧૨.૯૯ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૨૧,૨૪૪ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૬૬,૨૯૫ ની સારવાર કરવામાં આવી રહી છે.

શનિવારે ૭,૬૬૪ લોકોને કોરોના સંક્રમણ લાગ્યું હતું. ૧૩,૦૯૮ લોકો સ્વસ્થ થયા અને ૧૨૯ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯.૦૭ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૭.૮૫ લાખ લોકો સ્વસ્થ થયા છે, જ્યારે ૧૧,૫૯૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧.૧૦ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

શનિવારે રાજ્યમાં ૯,૦૬૧ લોકો કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. ૧૫,૦૭૬ લોકો સ્વસ્થ થયા અને ૯૫ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૭.૪૪ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૬.૨૪ લાખ લોકો સાજા થયા છે, ૯,૦૩૯ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં, ૧.૧૧ લાખ લોકોની સારવાર ચાલી રહી છે.

શનિવારે રાજ્યમાં ૭,૫૭૧ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૧૧,૯૭૩ લોકો સ્વસ્થ થયા અને ૭૨ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૭.૨૪ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૬.૨૪ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૬,૯૧૩ લોકો મૃત્યુ પામ્યા છે. અહીં ૯૯.૯૭૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

## UIDAIનો નિર્દેશ::કોરોના અંગેના કોઈપણ કામ માટે આધાર જરૂરી નથી

નવી દિલ્હી

કોરોના કાળમાં કોઈ પણ સંસ્થા કોઈ વ્યક્તિ પાસે આધાર કાર્ડ ન હોય એવી સ્થિતિમાં કામ કરવાનો ઈનકાર નહીં કરી શકે. કેન્દ્ર સરકારની એજન્સી અને આધાર કાર્ડ બનાવનારી સંસ્થા UIDAIએ આ અંગે શનિવારે ઘોષણા કરી હતી.

UIDAIએ કહ્યું કે જો કોઈની પાસે આધાર કાર્ડ ન હોય કે પછી કોઈ કારણથી ઓનલાઈન વેરિફિકેશન થઈ ન રહ્યું હોય તો સંબંધિત એજન્સી કે ડિપાર્ટમેન્ટે આધાર કાયદો, ૨૦૧૬ની કલમ ૭ અંતર્ગત તેમનું કામ સંપન્ન કરવું પડશે. સંબંધિત કંપની કે એજન્સી તેને રોકી નહીં શકે.આધાર કાર્ડ વેક્સિન રજિસ્ટ્રેશન માટે આવશ્યક ફોટો ઓળખ પત્રોમાંનું એક છે. પરંતુ અનેક અન્ય દસ્તાવેજ છે જેમનો ઉપયોગ આધાર કાર્ડ ન હોય તો કરી શકાય છે. પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, સરકારનું આરોગ્ય વીમા કાર્ડ, પેન્શન દસ્તાવેજ પણ વેક્સિન રજિસ્ટ્રેશન માટે માન્ય છે.ઉલ્લેખનીય છે કે મહામારી દરમિયાન સરકારી અને પ્રાઈવેટ સંસ્થા આધાર કાર્ડ ન હોય તો વ્યક્તિ કે પરિવારને લાભથી વંચિત કરી દે છે. એવામાં લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે.

### કોરોના અંગે તજજ્ઞોનો દાવો:IITના વરિષ્ઠ અધ્યાપકે કહ્યું-

## ડિસેમ્બર સુધી દેશમાં હર્ડ ઈમ્યૂનિટી આવશે, ૭૦% વસ્તીમાં એન્ટિબોડી બની ગયા હશે

**જો દેશ વ્યવસ્થિત વ્યૂહરચના દ્વારા ચાલતો રહ્યો તો ટૂંક સમયમાં ભારત પણ આ મહામારીને હરાવી દેશે - ડૉ. આશુતોષ શર્મા**

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે સારા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST)નાં સેક્રેટરી અને IIT કાનપુરનાં વરિષ્ઠ અધ્યાપક ડૉ. આશુતોષ શર્માએ જણાવ્યું હતું કે ડિસેમ્બર સુધી ભારતમાં હર્ડ ઈમ્યૂનિટી આવી જશે. દેશની ૬૦ થી ૭૦ ટકા વસ્તીમાં એન્ટિબોડી બની ગયા હશે. જેનાથી સંક્રમણની ચેઈન પણ તૂટી જશે અથવા તો ધીમી થઈ જશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે જો દેશ વ્યવસ્થિત વ્યૂહરચના દ્વારા ચાલતો રહ્યો તો ટૂંક સમયમાં ભારત પણ આ મહામારીને હરાવી દેશે.

ડૉ. આશુતોષ શર્માએ જણાવ્યું હતું કે અત્યારે પરિસ્થિતિ એવી છે કે લોકોએ વેક્સિનેશન પછી પણ માસ્ક પહેરવું પડશે. અત્યારના સમયમાં વાયરસના અલગ-અલગ સ્ટ્રેન સામે આવી રહ્યા છે. આજ કારણ છે કે મહામારીના આગામી તબક્કાઓ ઘણા ગંભીર હોઈ શકે છે. હવે



ભવિષ્યમાં મહામારી હરાવવા માટે આપણે બધાએ તમામ ગાઈડલાઈનનું પાલન કરીને રોગ સામે લડત આપવાની છે.

ગત ૨૪ કલાકમાં દેશની અંદર ૩.૧૦ લાખ લોકો કોરોના સંક્રમિત મળી આવ્યા હતા. આ આંકડો છેલ્લા ૨૫ દિવસોમાં સૌથી ઓછો છે. આની પહેલા ૨૦ એપ્રિલના રોજ ૨.૯૪ લાખ નવા સંક્રમિત દર્દીઓની પુષ્ટી કરવામાં આવી હતી. જોકે દેશભરમાં કોરોનાથી મૃત્યુઆંક યથાવત રહ્યો છે, જેથી શનિવારના રોજ ૪,૦૭૫ લોકો કોરોના સામેની લડત હારી ગયા હતા. આવું મે મહિનામાં છઠ્ઠીવાર બન્યું છે, જ્યારે એક દિવસમાં ૪ હજારથી વધુ દર્દીઓના મોત નીપજ્યાં હોય.

રાહતની વાત એ છે કે કોરોનાથી સાજા થનાર દર્દીઓનો આંક પણ સતત વધી રહ્યો છે. ગત દિવસે ૩.૬૨ લાખ લોકો સાજા થયા હતા, જ્યારે એક્ટિવ કેસમાં ૫૫ હજાર ૯૩૧ દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. દેશમાં અત્યારસુધી ૨.૪૬ કરોડ કોરોનાનાં દર્દીઓ સામે આવ્યા છે. જેમાં ૨.૦૭ કરોડ લોકો સાજા થયા છે, તો ૨.૭૦ લાખ લોકોના મોત નીપજ્યાં છે. ૩૬.૧૩ લાખ દર્દીઓ અત્યારે સારવાર હેઠળ છે.

## કોરોના દુનિયામાં ૬.૨૭ લાખ કેસ, ૧૧,૮૨૨ લોકોનાં મોત

દુનિયાભરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ગઈકાલે વિશ્વમાં ૬ લાખ ૨૭ હજાર ૨૨૦ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. આ દરમિયાન, ૧૧,૮૨૨ લોકોનાં મોત પણ થયાં. સૌથી વધુ કેસો અને મૃત્યુ હજી પણ માત્ર ભારતમાં જ નોંધાઈ રહ્યા છે. શનિવારે ભારતમાં ૩.૧૦ લાખ કેસ નોંધાયા હતા અને ચાર હજારથી વધુ મોત નોંધાયા હતા. તેમાં બ્રાઝિલમાં ૬૯,૩૦૦ નવા કેસ અને ૨,૦૬૭ લોકોએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યો હતો.

બીજી બાજુ, રશિયન વેક્સિન સ્પુતનિક ફનો ભારતમાં ઉપયોગ કરવાનું શરૂ થયું છે. ભારતમાં રશિયન રાજદૂત એન. કુદાશેવે કહ્યું કે આખી દુનિયા અમારી વેક્સિનની અસરને જાણે છે. અમે આશા રાખીએ છીએ કે ભારતમાં તેની વાર્ષિક ઉત્પાદન ૮.૫૦ કરોડ પર પહોંચશે. અમે ટૂંક સમયમાં ભારતમાં સિંગલ ડોઝ રસી સ્પુતનિક લાઈટ પણ લોન્ચ કરવાની પણ તૈયારી કરી રહ્યા છીએ.

સાઉદી અરેબિયાએ પાકિસ્તાની નાગરિકોને લઈને સખત નિર્ણય લીધો છે. તેણે બે દિવસ પહેલા લીધેલા નિર્ણયમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. આ અંતર્ગત, ચાઈનીઝ વેક્સિન લગાવનારા પાકિસ્તાનીઓને સાઉદી અરેબિયાના વિઝા નહીં મળે, એટલે કે તેમને આવવા દેવામાં આવશે નહીં. બે દિવસ પહેલા લીધેલા નિર્ણયમાં આવા પાકિસ્તાનીઓને ક્વોરેન્ટાઇનમાં રહેવાની ફરજિયાત કરવામાં આવ્યું હતું, પરંતુ હવે તેમની એન્ટ્રી પર જ પ્રતિબંધ મૂક્યો છે.

દુનિયાભરમા કોરોના મહામારીનું એપિસેન્ટર અથવા હોટસ્પોટ રહેલું યુરોપ, તે હવે સામાન્ય જન-જીવન તરફ આગળ વધી રહ્યું છે. ઘણા દેશો મુસાફરી પરના પ્રતિબંધોને દૂર કરી રહ્યા છે.આમાંથી, બ્રિટન તો મોટાભાગની વસ્તીને વેક્સિન આપ્યા બાદ સંપૂર્ણ રીતે અનલોકની સ્થિતિમાં આવી ગયું છે. સરકારની યોજના ૧૭ મેથી બ્રિટનને સંપૂર્ણ રીતે અનલોક કરવાની છે.

યુરોપ વિશે વાત કરીએ તો ૩૦ માંથી ૨૦ દેશો અનલોક થઈ રહ્યા છે. કેટલાક દેશોમાં શરતો સાથે વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. કોરોનાની સૌથી વધુ અસરગ્રસ્ત થયા બાદ હવે ઈટાલી, સ્પેન અને ફ્રાન્સમાં હોટલો, રેસ્ટોરાં, પર્યટન સ્થળો અને આંતરરાષ્ટ્રીય મુસાફરી તબક્કાવાર ખોલવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

# જે લોકોનો જન્મ સોમવારનાં દિવસે થયો છે જાણો તેમના વિશે આ ખાસ વાતો

ભારત એક પરંપરાગત અને સાંસ્કૃતિક દેશ છે. અહીં અનેક પ્રકારની સંસ્કૃતિ અને પરંપરા જોવા મળે છે. ભારતમાં મોટાભાગના લોકો હિન્દુ ધર્મમાં માને છે. એવું કહેવામાં આવે છે કે હિન્દુ ધર્મ સંપૂર્ણપણે પરંપરાઓ અને માન્યતાઓ પર આધારિત છે. હિન્દુ ધર્મમાં ઘણી માન્યતાઓ છે. આમાંની કેટલીક માન્યતાઓ એવી છે કે તે ખૂબ પ્રાચીન છે. સમય જતાં કેટલીક માન્યતાઓ બદલાઈ ગઈ છે. અહીંના લોકો તે મુજબ પોતાનું જીવન જીવે છે. તેમની સંસ્કૃતિ અને માન્યતાઓ ભારતના લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

અહીંના લોકોને પણ જ્યોતિષીઓમાં ખૂબ વિશ્વાસ છે. જ્યોતિષ દ્વારા કોઈ પણ વ્યક્તિના ભૂતકાળ અને ભવિષ્યને સરળતાથી જાણી શકાય છે. આ સાથે વ્યક્તિનું વર્તન પણ જાણી શકાય છે. અહીં ગ્રહો અને નક્ષત્રોને પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે. તેના આધારે વ્યક્તિના ભવિષ્યનો અંદાજ કાઢવામાં આવે છે. દરેક વ્યક્તિ જાણે છે કે અઠવાડિયામાં સાત દિવસ હોય છે અને દરેક દિવસની પોતાની વિશેષતા હોય છે. હિન્દુ ધર્મમાં દરરોજ કેટલાક હિંદુ દેવતાને સમર્પિત કરવામાં આવે છે.

જેમ જન્મ સમયે કોઈ વ્યક્તિનું નામ અને નક્ષત્રની સ્થિતિ તેના વર્તન, ભવિષ્ય અને જીવનની ઘણી વસ્તુઓને અસર કરે છે. તે જ રીતે, જે દિવસે વ્યક્તિનો જન્મ થાય છે, તે પણ તેના જીવનને અસર કરે છે. તે દિવસનો ગ્રહ સ્વામી વ્યક્તિના જન્મના દિવસે વ્યક્તિના જીવન પર સંપૂર્ણ અસર કરે છે. આજે અમે તમને સોમવારે જન્મેલા વ્યક્તિ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. તમે જાણશો કે સોમવારે જન્મેલા લોકોના જીવનમાં શું ખાસ છે.

એવું માનવામાં આવે છે કે સોમવાર એ ચંદ્રદેવનો દિવસ છે, તેથી આ દિવસે જન્મેલા લોકો ખૂબ ભાવનાશીલ હોય છે. આ લોકો તેમના પરિવાર સાથે રહેવાનું પસંદ કરે છે.

સોમવારે જન્મેલા લોકો સ્પષ્ટ હોય છે અને આંખો સુંદર હોય છે.

તેમનું હૃદય ખૂબ સારું છે અને તેઓ હંમેશાં ખુશ રહે છે, આને કારણે તેઓ જીવનમાં ઘણા મિત્રો બનાવે છે.

કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલા તેઓ ઘણું વિચારણા કરે છે. અન્ય લોકોની સલાહ તેમને ખૂબ જ ઝડપથી અસર કરે છે.

સોમવારે જન્મેલા પુરુષોનું વર્તન સ્ત્રીઓ માટે સારું છે, પરંતુ સોમવારે જન્મેલી સ્ત્રીઓને પ્રેમની બાબતમાં સાવચેતી અને વ્યવહારિક રહેવાની જરૂર છે. નહીં તો તેઓ છેતરશે તેવી સંભાવના છે.

સોમવારે જન્મેલા લોકો ખૂબ સર્જનાત્મક હોય છે અને સારા લેખક બનવા માટેના બધા ગુણો હોય છે. તેમના વિચારો સમય-સમયે બદલાતા રહે છે.

આ દિવસે જન્મેલા લોકો કોઈ પણ કાર્ય ખૂબ જ સારી રીતે શરૂ કરે છે, પરંતુ કામની મધ્યમાં કોઈ અવરોધો આવે કે તરત તે તેને વચ્ચે છોડી દે છે.

સોમવારે જન્મેલા લોકો માટે ૨૪-૨૫ વર્ષની વય ખૂબ જ મહત્વપૂર્ણ છે.

જે મહિલાઓ સોમવારે જન્મે છે, તેઓ જીવનમાં સારી ભાગીદાર અને માતા બને છે.

સોમવારે જન્મેલા લોકો ખૂબ સંવેદનશીલ હોય છે, તેથી ખૂબ જ ઝડપથી તેઓ કોઈ પણ બાબતમાં ખરાબ લાગે છે. આ સાથે, તેઓ ખૂબ પરિપક્વ પણ છે.



માઉન્ટ એવરેસ્ટ શિખર ૨૦૨૧માં સર કરનારી સૌપ્રથમ ભારતીય મહિલા અરુણાચલ પ્રદેશની તાશીલ યાંગજોમ.




## અમદાવાદ પશ્ચિમ વિસ્તારમાં કોરોના સંલગ્ન વિવિધ કામગીરીનું સ્થળ નિરિક્ષણ કરી જાત માહિતી મેળવી

# અમદાવાદ શહેરમાં "મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ" અભિયાનનો પ્રારંભ કરાવતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા



## અમદાવાદ મહાનગરપાલિકાના સર્વે કાઉન્સેલરશ્રીઓને કોરોના નિયંત્રણની કામગીરીની હકારાત્મક સ્પર્ધામાં ઉતરી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા હાંકલ કરી

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ અમદાવાદ શહેરના કાઉન્સીલરશ્રીઓને "મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ" ને અસરકારક બનાવવા અપીલ કરતા કહ્યું કે, રાજ્યના મુખ્યંમત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના "મારૂ ગામ કોરોના મુક્ત ગામ"ની અનોખી પહેલથી ગ્રામ્ય સ્તરે પોઝીટીવીટી રેટ ઘટાડવામાં સફળ રહ્યાં છીએ. ત્યારે આ જનવ્યાપી અભિયાનની પ્રેરણાથી રાજ્યભરના નગરોમાં શરૂ થયેલ "મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ" અભિયાનમાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધી એવા કાઉન્સીલરશ્રીઓ અને વહીવટી તંત્રના સહિયારા પ્રયાસથી આ અભિયાન જનવ્યાપી અને આરોગ્યલક્ષી બને તેવો ભાવ શ્રી પદિપસિંહજી જાડેજાએ વ્યક્ત કર્યો હતો.

શ્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં શરૂ થયેલ "મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ" અંતર્ગતની વિવિધ કોરોનાલક્ષી પ્રવૃતિઓ-કામગીરીની સ્થળ મુલાકાત લઇ સમીક્ષા કરી હતી.

શ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ અભિયાનનો પ્રારંભ કરાવતા શહેરના કાઉન્સલીરશ્રીઓને એક હકારાત્મક સ્પર્ધામાં ઉતરીને પોતાના વોર્ડને કોરોનાલક્ષી કામગીરીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનાવવાની હાંકલ કરી હતી. તેઓએ દરેક વોર્ડના ચારેય કાઉન્સલીરશ્રીઓને કોરોના પર નિયંત્રણ મેળવવાની વિવિધ આરોગ્યલક્ષી કામગીરીનું વિભાજન કરી સુચારૂ સંકલન દ્વારા શ્રેષ્ઠત્તમ પરિણામ હાંસલ કરવા માટેની લાગણી વ્યકત કરી હતી.

શ્રી પ્રદિપસિહ જાડેજાએ આ વેળાએ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની કોરોનાની બીજી લહેરમાં કરવામાં આવેલી કામગીરીની સરાહના કરતા કહ્યું કે, કોરોનાની ઘાતક લહેરમાં અમદાવાદ શહેરના ધારાસભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ,અનેક સેવાભાવી સંસ્થાઓ, નામિ-અનામિ સંગઠનો દ્વારા કોરોનાની લડતને જનભાગીદારી સાથે ચલાવીને મહદઅંશે મહામારી પર કાબૂ મેળવવા સફળ રહેવા બદલ સર્વેને અભિનંદન આપ્યા હતા.

પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતિને હળવાશથી ના લઇ આગામી પરિસ્થિતિઓનું આગોતરૂ આયોજન કરવા અને સમાજ પ્રત્યેનું દાયિત્વ નિભાવી સેવાભાવનાના બે ડગ સાથે ભરવા અમદાવાદ શહેરના નાગરિકોને ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

શ્રી પ્રદિપસિંહ જાડેજાએ મોટારા ખાતે કાર્યરત ધન્વતરી રથની સ્થળ મુલાકાત લઇ કરવામાં આવી રહેલી આરોગ્યલક્ષી કામગીરીનો ચિતાર મેળવીને કામગીરીને બિરદાવી હતી.વળી ગૃહરાજ્ય મંત્રીશ્રીએ ધનવન્તરી રથનો લાભ લઇ રહેલા દર્દીઓના પ્રતિભાવ પણ જાણ્યા હતા. તેઓએ ધન્વતરી રથના એક વર્ષ પૂર્ણ થવા બદલ અને આ એક વર્ષમાં ૨૫ લાખ દર્દીનારાયણની સેવામાં સહભાગી થવા બદલ અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ શ્રી પ્રદિપસિંહ જાડેજાએ અમદાવાદ શહેરના આર.ટી.ઓ. સર્કલ પાસે કાર્યરત કોરોના ટેસ્ટિંગ બૂથની મુલાકાત લઇ સમગ્ર કામગીરીની જાત માહિતી મેળવી હતી.આ માહિતીથી શ્રી પ્રદિપસિંહે સંતોષ વ્યક્ત કર્યો હતો.

શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જૂના વાડજ સ્થિત સરકારી શાળામાં કાર્યરત કોરોના રસીકરણ અભિયાનની સમગ્રતયા કામગીરી નિહાળીને તેનું મુલ્યાકન કર્યુ હતુ. રસીકરણની યુધ્ધના ધોરણે ચાલી રહેલી કામગીરીથી ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રભાવિત થયા હતા.રસીકરણ મેળવી રહેલા યુવાનો સાથે ચર્ચા કરીને રસીકરણ અંગેના તેમના મંત્વય જાણ્યા હતા.

રસીકરણ કામગીરીનું મુલ્યાંકન કર્યા બાદ ગૃહ રાજ્યમંત્રીશ્રી એ સંજીવની વાન દ્વારા પૂરી પાડવામાં આવતી આરોગ્યલક્ષી સેવાનું નિરીક્ષણ કરી તબીબ સાથે સંવાદ કર્યો હતો. સંજીવની સેવાના તબીબે શ્રી પ્રદિપસિંહ જાડેજાને સમગ્રતયા કામગીરીથી વાકેફ કર્યા હતા.

શ્રી પ્રદિપસિંહ જાડેજા એ અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત સમરસ હોસ્ટેલના કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઇ ડેપ્યુટી મ્યુ. કમિશ્નર શ્રી દિલિપ રાણા દ્વરા સમરસ હોસ્ટેલની પ્રવર્તમાન કોરોનાની સ્થિતિ , ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિગતવાર માહિતી મેળવીને, હોસ્ટેલના આગોતરા આયોજન વિશે અને કોરોના સામેની લડતની તૈયારીના ભાગરૂપે કરવામાં આવેલી વ્યવસ્થાની વિગતવાર ચર્ચા કરી હતી.

એ.એમ.એ સ્થિત કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની સાથે અમદાવાદ પશ્ચિમના સાસંદ ડૉ. કિરીટ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ પ્રસંગે ઉપસ્થિત તમામ કોરોના વોરીયર્સ નેસમગ્ર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન તંત્રને કોરોનામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

શ્રી કિરીટ સોલંકીએ ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુ. કોર્પોરેશને કોરોના સામે નિયંત્રણ મેળવવા પ્રો-એક્ટિવ કામગીરી હાથ ધરી હોવાનું જણાવી મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડને સફળબનાવવા પ્રેરણા આપી હતી.

તેઓએ કોરોનાની બીજી લહેર વ્યાપક અને અસાધારણ રહી હોવાનું કહ્યું હતુ. જેમાં ઓક્સિજન, વેન્ટિલેટર અને કોરોનાની પથારીની વધુ જરૂરિયાત જણાતા સમગ્ર રાજ્ય તંત્રએ યુધ્ધના ધોરણે તે ઉપલબ્ધ કરાવી હોવાનું જણાવ્યું હતુ.કોરોનાની અસાધારણ પરિસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં તમામ મહાનગરપાલિકાઓએ શ્રેષ્ઠ કામગીરી કરી હોવાનું શ્રી કિરિટભાઇ સોલંકીએ ઉમેર્યુ હતુ.

"મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ" અભિયાનના આરંભ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઇ પરમાર, ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી રાકેશભાઇ શાહ, અરવિંદભાઇ પટેલ,અમદાવાદ પશ્ચમિ વોર્ડના કાઉન્સેલરશ્રીઓ, અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના મ્યુનિસીપલ કમિશ્નર શ્રી મુકેશકુમાર ગઢવી, ડેપ્યૂટી મ્યુનિસિપલ કમિશ્નનર શ્રી દિલીપ રાણા, નિષ્ણાંતતબીબો સહિત અમદાવાદ શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તાઉ-તે વાવાઝોડાની સંભાવનાને પગલે સમગ્ર ગુજરાતમાં ૧૭ અને ૧૮ મેના રોજ વેક્સિનેશન મોકૂફ



તાઉ-તે વાવાઝોડાની સંભાવનાને પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૭ અને ૧૮ મે, ૨૦૨૧ સોમવાર અને મંગળવાર દરમિયાન કોરોના વેક્સિનેશનની કામગીરી સ્થગિત રહેશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વાવાઝોડાની સંભાવનાને પગલે વહીવટી તંત્રની સર્જ્જતાની સમીક્ષા કરતાં આ નિર્ણયની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ વાવાઝોડાથી ઉભી થનારી સંભવિત કામગીરી માટે સ્ટેન્ડ-ટુ રાખવામાં આવ્યા છે. એટલે આ બે દિવસો દરમિયાન તમામ જૂથમાં વેક્સિનેશનની કામગીરી સ્થગિત કરવામાં આવી છે. મુખ્યમંત્રી રૂપાણીએ નાગરિકોને આ બે દિવસો દરમ્યાન પોતાના ઘરથી બહાર નહીં નીકળવા પણ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી રૂપાણીએ ગુજરાતના સામાજિક અને સેવાકીય સંગઠનોને વહીવટી તંત્રને સહયોગ આપવા આગળ આવવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, ગુજરાતમાં અનેક સેવાભાવી સંસ્થાઓએ હંમેશા રાજ્ય સરકાર અને વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. વાવાઝોડાની સંભાવનાને પગલે વહીવટી તંત્ર ખડે પગે છે ત્યારે જો જરૂર પડે તો સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ જવા તૈયાર રહે. મુખ્યમંત્રીએ ગુજરાતના શ્રેષ્ઠીઓ અને સેવાકીય સંસ્થાઓને અપીલ કરતા જણાવ્યું હતું કે, જે તે જિલ્લાના કલેકટરના સંકલનમાં રહીને જયાં જરૂર જણાય ત્યાં મદદરૂપ થવા આગળ આવો.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં વાવાઝોડા સાથે અતિવૃષ્ટિની પણ સંભાવના છે. આવી પરિસ્થિતિમાં તમામ લોકોની સલામતી ખૂબ જરૂરી છે. નાગરિકો પોતપોતાના ઘરમાં રહે, માત્રને માત્ર ફરજ પર હોય એવા લોકો જ ઘરની બહાર નીકળે. બાકીના લોકો ઘરમાં જ રહી અને પોતાની સલામતી જાળવે એ જરૂરી છે. તાઉ-તે વાવાઝોડાની અસરના પગલે ૧૯થી ૨૦ મે સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી સાઉથ ગુજરાત, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવમાં વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે જ સુરેન્દ્રનગર, બોટાદ, જુનાગઢમાં પણ ભારે વરસાદની આગાહી છે. જ્યારે મધ્ય ગુજરાતમાં અમદાવાદ, ખેડા, આણંદ તથા દક્ષિણ પણ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ૧૮મી તારીખના રોજ હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરામાં પાટણ, મહેસાણા, અરાવલી, મહિગાસર, સાબરકાંઠા, બનાસકાંઠા, મોરબી તથા કચ્છમાં પણ વરસાદની આગાહી કરાઈ છે. આ પાંચ દિવસ વરસાદ દરમિયાન વીજળીના ચમકારા પણ થશે અને સપાટી પર પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક આસપાસ રહેશે.

# વડાપ્રધાન શામાટે પ્રેસ કોન્ફરન્સ કરતા નથી?

ભારત લોકશાહી દેશ છે અને વડાપ્રધાન આપખુદ છે ! આમ કહેવાનું એક કારણ એ છે કે વડાપ્રધાને રાષ્ટ્રીય કટોકટી/રાષ્ટ્રીય મહામારી/લોકોને સ્પર્શતા મહત્વના મુદ્દાઓ અંગે સાત વરસમાં એક પણ વખત પ્રેસ કોન્ફરન્સ કરી નથી. વડાપ્રધાનની 'દિવ્ય ખાસિયત' એ છે કે તેઓ બોલ્યા કરે છે; પરંતુ કોઈને સાંભળતા નથી. લોકોના મનની વાત સાંભળવા તૈયાર નથી; પરંતુ પોતાના મનની વાત લોકોને સંભળાવવા માટે હંમેશા આતુર રહે છે.

વડાપ્રધાન પ્રેસથી ભાગતા હોય એવી કોઈ ઘટના કોઈ લોકશાહી દેશમાં બની નથી ! UKના 'સન્ડે ટાઈમ્સ'/ ઓસ્ટ્રેલિયાના 'ધ 'ઓસ્ટ્રેલિયન'/ USA ના 'વોશિંગ્ટન પોસ્ટ'/'ન્યૂયોર્ક ટાઈમ્સ' વગેરે અખબારોએ વડાપ્રધાન વિશે લખ્યું છે કે "ઘમંડ/અંધ-રાષ્ટ્રવાદ/ ક્ષમતાહીન નોકરશાહોએ ભારતમાં એવું મહાસંકટ ઊભું કર્યું છે; જેમાં રોજે હજારો લોકોના મોત થઈ રહ્યા છે; પરંતુ ભીડને ચાહનારા ભારતના વડાપ્રધાનને કોઈ ચિંતા નથી !" કોરાના મહામારીની બીજી લહેરના પરેશાન કરી મૂકે તેવા અહેવાલો દુનિયા ભરના મીડિયા અને સોશિયલ મીડિયા ઉપર છવાઈ ગયા છે. 'ધ ઈકોનોમિસ્ટ'ના ભારત ખાતેના રીપોર્ટર એલેક્સ ટ્રાવેલી કહે છે : "ભારતમાં લોકડાઉન પછી સાવધાની રાખવાની જરુર હતી;




છતાં કુંભમેળો અને ચૂંટણીસભાઓ યોજી; એ લાપરવાહીનો નમૂનો કહેવાય !" વડાપ્રધાને ૨૮ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ 'WEF-વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'ના Davos Dialogue ને વીડિયો કોન્ફરેસિંગ મારફતે કહ્યું હતું કે "અમે બીજી વેક્સિન લાવી રહ્યા છીએ; જે પૂરી દુનિયાને ઉપલબ્ધ કારવીશું ! અમે કોવિડ સ્પેસિફિક હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસિત કરવા ઉપર ધ્યાન આપ્યું. આજે ભારત એવા દેશોમાં સામેલ છે જ્યાં સંક્રમિત લોકો ઓછા થઈ રહ્યા છે. ભારતે કોરોનાને હરાવી દીધો છે !" પરંતુ બન્યું ઉલટું !

વડાપ્રધાને જો કાળુધન શોધી કાઢ્યું હોય; અચ્છે દિન લાવ્યા હોય; રુપિયાને ડોલરના મુકાબલે મજબૂત કર્યો હોય; ખેડૂતોનો દર વધાર્યો હોય; બેરોજગારી ઘટાડી હોય; નોટબંધીના ફાયદા થયા હોય; ત્રણ કૃષિ કાનૂન કિસાનોના ફાયદા માટે હોય; કોવિડ મહામારીનો સામનો કરવા પૂર્વતૈયારી કરી હોય; બંધારણીય મૂલ્યો અને માનવમૂલ્યોને દ્રઢ બનાવ્યા હોય તો શામાટે પ્રેસ કોન્ફરન્સ યોજી દેશને માહિતી આપતા નથી? ગોદી ચેનલો મારફતે માત્ર આરતી શામાટે ઉતરાવ્યા કરે છે? પોતાના IT Cell દ્વારા વિપક્ષના નેતાઓનું ચરિત્રહનન શામાટે કરાવ્યા કરે છે? ગરીબો, ડરેલો મધ્યમ વર્ગ, ઈલાજ માટે ભટકતા અમીરો અને સમર્પિત પાર્ટી-કાર્યકરોને એ સમજાતું નથી કે વડાપ્રધાને આવું શામાટે થવા દીધું? બધા સવાલો પૂછે છે પણ જવાબ આપનાર કોઈ નથી. સવાલો ઉઠાવવારાઓ દેશદ્રોહી છે; એમ કહીને વડાપ્રધાનની ટ્રોલસેના અને કોર્પોરેટ મીડિયા લોકોને ભ્રમિત કરી રહ્યાં છે ! હવે ભારતના લોકો પાસે માત્ર સવાલો બચ્યા છે અને વડાપ્રધાન જવાબ આપતા નથી ! ગંગાનદીમાં અસંખ્ય શબ તરી રહ્યા છે પણ ગંગામૈયા પણ ગંગાપુત્રને બોલાવતા ડરી રહી છે ! ગંગા પોતે શબવાહિની બની જાય તે કેવું રામરાજ્ય? વડાપ્રધાન ફિલ્મ અભિનેતા અક્ષયકુમારને ઈન્ટરવ્યૂ આપે છે; અને 'રાષ્ટ્રીય પ્રશ્ન' પૂછે કે કેરી કાપીને ખાવ છો કે ચૂસીને? પરંતુ વડાપ્રધાન પોતે પત્રકારોથી દૂર ભાગે છે. વડાપ્રધાન શામાટે પ્રેસ કોન્ફરન્સ કરતા નથી? સવાલોથી ભાગે છે કેમ? બે કારણ છે : ચ૧ૃ અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નનો જવાબ તેઓ આપી શકતા નથી. કરણ થાપરને ઈન્ટરવ્યૂ આપ્યો ત્યારથી ડર બેસી ગયો છે. ચ૨ૃ પોતાને કોઈ સવાલ કરે તે તેમને ગમતું નથી ! (૩) અસંખ્ય જુઠ બોલેલા ના તેમની પાસે કોઈ જવાબ કે ખુલાસા નથી.(૪) પીએમ ની ગરિમા ને શોભે તેવી જ્ઞાન ની ભાષા તેમની પાસે નથી જેનું કારણ તેમનું ઓછું હાઈસ્કુલ સુધીનુ ભણતર છે.(૫) ભૂતકાળ માં સીએમ હતા ત્યાર ના તેમના કેટલાયે વિડિયો કેન્દ્ર સરકાર સામે ના હુકારા, તુકારા વાળા છે જેનો રેલો આજે તેમના પગ નીચે આવ્યો જેના કોઈ જવાબ નથી .આ સિવાય પણ ઘણો બધી ડર તેમને સતાવે છે કે તેમને લીધેલ અત્યાર સુધીના મોટા ભાગના નિર્ણય દેશ ની જનતા ને ઠેશ પહુચે તેવા હતા અને અનેક રાજ્ય સરકાર દેવાદાર બની ગઈ..તેમના અશિક્ષિત નિર્ણયો ના લીધે વિશ્વ માં દેશ ની આબરૂ ઘટી છે અને ગુજરાત ની જનતા ને યો બેહાલ તેમજ અઢી લાખ કરોડ ના દેવા વાળી સરકાર બનાવી ને ગયા છે..બાકી હતું તે કોરોના માં શિક્ષિત નિર્ણય લ વાને બદલે સેલિબ્રિટી,ઉધોગપતિઓ, એક્ટર,એક્ટ્રેસ ને મોડેલ બનાવી પ્રજા પાસે તાળીઓ પડવી દીવા કરાવી કુદરત અને દેવી દેવતાઓ નું અહમ થી અપમાન કર્યું છે જેના પરિણામ આખો દેશ ભોગવી રહ્યો છે..તેમજ રાજકીય હનીમૂન જેવા સ્ટેચ્યુર્ક યુનિટી ને રિવર ફ્રન્ટ તેમજ મહાત્મા મંદિર અને કચ્છ ના તેમના અમુક મહેલ જેવા સ્થાનો એ લોકો ના મગજ માં તેમના માટે દુર્ભાવ પ્રગટ કરી ઠેકડી પણ ઉડાડી છે..

સંપાદકીય

# ડીસા તાલુકાના લુણપુરથી મોણેકપુરા બનતાં રોડ કામમા ગેરરીતિ આચરતા હોવાના સ્થાનિક લોકોએ લગાવ્યાં આક્ષેપ

બનાસકાંઠાઃ ડીસા તાલુકાના લુણપુર થી મોણેકપુરા ખાતે બનતાં રોડ કામમા ગેરરીતિ આચરતા હોવાની જાણ થતાં સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે કામગીરી ની મુલાકાત લીધી હતી જેમાં કોન્ટ્રાકટર દ્વારા ઉડાઉ જવાબ આપતા કેમેરામાં જણાઈ આવે છે ત્યારે હવે તંત્રના માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે મીલીભગત તો નથિ ને? આવા વેધક સવાલો લોકોમાં ભારે ચર્ચાના ચકડોળે ચડવા લાગ્યા છે ત્યારે જિલ્લા કલેકટર આનંદ પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી ને સાચી હકીકત રિપોર્ટ અનુસાર કામગીરી કરવામાં આવે તેવી લોકલાગણી સાથે માંગ બુલંદ બની છે.... કામરાજ ચૌધરી નામનો કોન્ટ્રાકટર લોકોને ઉડાઉ જવાબ આપી રહ્યો છે ત્યારે માર્ગ મકાન વિભાગના ગાઈડ લાઈન મુજબ કામગીરી કરવામાં આવે છે કે કેમ? તે અંગે હજુ સસ્પેન્સ યથાવત રહેવા પામ્યું છે જોકે આવા ગામડાં માં રોડના રિફ્રેસિંગ કામમાં નબળી કામગીરી કરવામાં આવે તો સામે ચોમાસુ પણ આવી રહ્યું છે ત્યારે હવે જિલ્લા કલેકટર આનંદ પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ ના આદેશ કરી ને આવા કોન્ટ્રાકટર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે લોકો માં રોષ જોવા મળ્યો હતો..

(રીપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની સાત ગદ્ય પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : માતૃ દિવસ..ગદ્ય - પદ્ય
"માં" વિષયક રચનાઓ. દિવસ - ૭
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

ગદ્ય - પદ્ય માતૃ દિવસ
NOG SS No-0011
માતૃદિવસ પ્રસંગે
વિભાગઃ ગદ્ય
પ્રકારઃ- લેખ
શીર્ષકઃ- મા

મા શબ્દ એક અક્ષરવાળો મૂળાક્ષર છે. જે આ દુનિયાનો સૌથી પવિત્ર શબ્દ છે. આ શબ્દમાં સૌથી વધારે તાકાત છે.

નારી નારાયણી છે જ પણ નારી જ્યારે મા બને પછી પોતે સંતાનોની રક્ષા કરવા વધુ શક્તિશાળી બને છે. ગમે તે મુશ્કેલી આવે તો પણ તેનો તે હલ કરી શકે છે.

મા ને પુત્ર હોય કે પુત્રી- બંને તેનાં માટે સરખાં હોય છે. દરેક સ્ત્રીને મા બનવાનાં સપનાં હોય છે. નાની કુમારિકા બાળપણમાં ઢીંગલીની મા બનતી હોય છે. નાનપણથી જ તેનામાં કરુણા,પ્રેમ ,નમ્રતા સહનશીલતા જેવા ગુણોનો વિકાસ રમતાં રમતાં જ થઈ જાય છે.

ખિસકોલીનાં બચ્ચાં ખાવા માટે આવતાં સાપ સાથે ખિસકોલીની મા લડે છે. તેના બચ્ચાંનો જીવ પોતાનો જીવ ગુમાવીને બચાવે છે.

મા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીનો અવતાર છે. કહેવત છે કે "ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર."

માનો સંતાન સાથેનો સંબંધ નિઃશબ્દ છે. તેનાં પાલવની મીઠી છાયાથી દુઃખ છુપાઈ જાય છે.

ઈશ્વરને જન્મ આપનારી મા ને ઈશ્વર પણ વંદન કરે છે. રામની માતા કૌશલ્યા ને કૃષ્ણની માતા યશોદા ને દેવકી, હનુમાનની માતા અંજની દરેક મા વંદનને પાત્ર છે.

માતૃદેવો ભવઃ - માતાને દેવી માનવામાં આવે છે. મા સંતાનની પ્રથમ ગુરુ છે. મા જ્ઞાન અને સંસારની મોટી યુનિવર્સિટી છે.

તે સંતાનને હસાવી પણ શકે છે ને રડાવી પણ શકે છે. તે સંતાનને મીઠી વાણી પણ બોલે છે અને જરૂર પડે ઠપકો પણ આપે છે.

માનાં ધાવણનું ઋણ અદા કરવું એ કદી શક્ય નથી.

કવિ બોટાદકર કહ્યું છે કે," જનનીની જોડ સખી નહી મળે રે લોલ."

મા એ વિશ્વની ગ્રંથાવલી છે.

માની ઝૂંપડી પણ મહેલ લાગે છે. ને એને એનો પુત્ર કે પુત્રી રાજકુમાર ને રાજકુમારી લાગે છે.

મા વિધાતા, દેવી, સરસ્વતી અને મહાન વ્યક્તિ, વૈદ્ય છે. વાત્સલ્યનું અમી ઝરણું, વ્હાલની મીઠી વીરડી, સંસ્કૃતિનું મહાવિદ્યાલય, પ્રેમની સાકાર કરતો શબ્દ, મા બાળકની પાઠશાળા છે. જગતની શાળા છે.

સ્વર્ગમાં માતાની ગોદ છે કે નહીં તેની ખબર નથી પણ તેની ગોદમાં સ્વર્ગ છે તે અનુભવસિદ્ધ છે. એ જગતનું શ્રેષ્ઠ તીર્થ છે.

મા નો અર્થ દુનિયાની બધી ભાષામાં મા જ થાય છે.

મનોજકુમાર પંચાલ,'મન' પાલનપુર

---

NOG SS NO : 0039
મા, તને પ્રણામ??
સ્વર્ગસ્થ મા ને,
મા નથી હવે આજે,
હતી ત્યાં સુધી એની લાગણીઓ વધાવવામાં ચૂક થઈ જ હશે પણ એણે ક્યારેય ફરિયાદ કરી નથી,
બાળકો મોટા થાય ત્યારે માતા ફરિયાદ કરવાનું માંડી વાળે છે,
અને અમે નાદાન બાળકો તારા નહિ કહેવાયેલા શબ્દો સાંભળવા અસમર્થ રહ્યાં હોઈએ પણ પોતાની પીડાને મહત્વ આપ્યા વગર ચૂપ રહીને જીવ્યા કરવું એ દરેક માની આદત હોય છે.

તારી પ્રત્યે અદા કરવું જોઈએ એવું કોઈક ઋણ તો બાકી રહ્યુંજ હશે.
એ માટે અમને ક્ષમા કરજે.??

ઈશ્વર સદાય મને તારું જ બાળક બનાવે એવી પ્રભુ પ્રાર્થના.

મા તરીકે તું અજોડ,અદ્વિતીય, અનુપમ, અણમોલ અને અપ્રતિમ હતી એ વાત ઈશ્વર પણ જાણે છે અને પ્રભુના દરબારમાં તારું અનોખું સ્થાન હશે જ.તારા સંતાનો અહીં ખુશ છે, ચિંતા ના કરીશ. તું પણ ત્યાં ખુશ જ હોઈશ કારણકે તું કોઈ પણ પરિસ્થિતિમાં, તકલીફોને અવગણીને, દુઃખને દાબીને, હંમેશાં ખુશમિજાજી રહીને જ જીવી હતી.

એક ઝલક જોવાની અતિ પ્રબળ ઈચ્છાએ આંખો બંધ કરી લઉં છું અને તું મારી બંધ આંખોમાં આવી જાય છે.

તારા છેલ્લા શબ્દો યાદ આવી જાય છે, "જે થવાનું હશે એ થશે પણ રડવાનું નહિ બેટા."

અને રડી લઉં છું, જ્યારે જ્યારે તું યાદ આવે ત્યારે ત્યારે. એવો કોઈ સમય પણ નથી કે તું યાદ ના આવી હોય.

તારી યાદ એ જ મારી મહામૂડી છે જે જીવનની છેલ્લી પળ સુધી રહેશે.

પ્રફુલ્લા "પ્રસન્ના"

---

NOG SS NO - 0037
વિષય - માતૃ દિવસ નિમિતે.
શીર્ષક - મા........!
વિષય - ગદ્ય.

જગતની દરેક માતાના ચરણોમાં મારા પ્રણામ..??

માતૃ દિવસ....અરે વ્હાલાં મા નો કોઈ ખાસ દિવસ થોડો હોય...! જેના ગર્ભમાં નવનવ માસ રહ્યાં,જેમની સાથે શ્વાસો શ્વાસનો સબંધ છે. જે આપણને આ પૃથ્વી પર લાવ્યાં...! એના માટે દિવસ એક (૧)...?

સાહેબ એમના માટે તો આ જિંદગી શું સાત જન્મો પણ ઓછા પડે. મા એતો અવિરત વહેતો ગંગાનો, પવિત્ર મમતાથી છલો છલ પ્રવાહ છે.જિંદગીનો દરેક દિવસ એમને અર્પણ હોયજ.

વિભૂએ સુંદર મજાની સૃષ્ટિની રચના કરી.આવી સુંદર સૃષ્ટી ચલાવવા સુંદર સ્ત્રી, એટલેકે પોતાની જ શકિતનો અંશ, સ્ત્રી બનાવી.સ્ત્રી અપૂર્ણ કહેવાય, જ્યાં સુધી એને માતૃત્વ પ્રાપ્ત ન થાય.ઇશ્વર બધીજ જગ્યાએ ન્યાય ન આપી શકે,માટે પોતાના જ અસ્તિત્વની ઝાંખી કરાવતું પાત્ર 'મા ' માનવ કલ્યાણ માટે બનાવ્યું.

સ્ત્રી જ્યારે માતા નથી હોતી,ત્યાં સુધી એ સંસારમાં પોતાનું સુખ શોધ્યાં કરે છે.પરંતુ એક વખત માતૃત્વ પ્રાપ્ત થયાં બાદ,સંતાનના સુખમાં એ પોતાનું સુખ માને છે.પોતાની ઈચ્છાઓ, અપેક્ષાઓ,મોજ,શોખ,પોતાના સંતાનથી શરૂ ,સંતાનથી પૂર્ણ થાય છે.પોતાના અંતર મનની અગાધ લાગણીઓ અમૃત (દૂધ ) સ્વરૂપે સંતાનને પીવડાવી મોટાં કરે છે.કહેવાય છે ને ' કડવું પણ મા જ પાય.' તદ્દન સાચું છે.સંતાન માટે, મોતથી પણ લડવાની તાકાત 'મા' રાખે છે.

માતા એ સંતાનની પ્રથમ ગુરુ,અને મોટામાં મોટી, યુનિવર્સિટી છે. મા માટે સંતાન એમના મનનું મંદિર હોય છે.નિશદિન સંતાનના સુખ માટે રટણ કર્યા કરે છે.સંતાન માટે પણ પોતાની મા સૃષ્ટિની શ્રેષ્ઠ સ્ત્રી હોય છે. મા ને દુઃખ થાય એવું સ્વપ્નમાં પણ ના વિચારવું.દરેક સ્ત્રી પોતાના સંતાનને વફાદાર હોયજ છે.ભલે એ ગમેતે પરિસ્થિતિમાં હોય.

'જો જો બાળકો જે માતા તમને સૃષ્ટી ઉપર લાવી,તમારું લાલન પાલન કર્યું,એ ને શ્વાસ છોડતાં પહેલાં ઘરનું આંગણું ના છોડાવતા.

ધન, ખરચતાં બધું જ મળશે, 'મા ' ની મમતા નહીં મળે.

મારી માતા મારા માટે ઈશ્વરનો સાક્ષાત્કાર છે.????

બાંહેધરી - આ ગદ્ય રચના મારી સ્વરચિત છે,જેની હુ બાંહેધરી આપું છું.

હેમલતા દિવેચા.જૂનાગઢ

---

NOG SS No :-010
વિભાગ :- પદ્ય
શીર્ષક :- અર્પણ
પ્રકાર :- દુહો

મબલખ મૂલ મમતાનું,
શોધું છું શબ્દ અર્પણ,

પાલવ છલકે પ્રેમથી,
વદી શકું ન વર્ણન.

દીપ્તિ પટેલ'શ્રીકૃપા',વડોદરા.

---

NOG SS No : 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ-મા

મારા અંતર ની ઊર્મિ પર પહેલો અધિકાર તારો મા.
કારણ તારા ધબકારા સાંભળીને તો ઉર્મિઓ સાથે પરિચય થયો.
કેમ ભૂલી શકું એ વેદનાઓને?
જે મેં દુનિયામાં આવવા માટે તને આપી હશે!
પણ એ વેદનાઓને વિસારી,
મારા કપાળ પર નું તારું પહેલું ચુંબન,
વિધાતાની પહેલાં, મારું ભાગ્ય લખાય ચૂક્યું હશે!
તારો એ સ્નેહાળને આશિષ ભરેલો સ્પર્શ,
મારી જિંદગી ને ઘડતો રહ્યો.
જીવન સફરમાં તે આપેલ ભાથું,
સફરને સરળ અને ગતિશીલ બનાવતું રહ્યું.
અનેક ઉતાર-ચઢાવ બાદ પણ,
જીવન વિકસતું અને પાંગરતું રહ્યું.
એક દિવસ ક્યાંક આ શ્વાસ અટકી જશે,
એ પહેલાં બસ એટલું જ કહી દઉં કે મા!
તારી ગોદમાં દુનિયાભરનો આરામ હતો.

અલકા મહેતા,ગાંધીનગર.

---

NOG SS No :- 0027
વિષય :- માતૃ દિવસ નિમિત્તે
પ્રકારઃ- ટૂંકી વાર્તા
શીર્ષકઃ- પીડાનું પાથરણું : માતા

જોશનાબા આજે હરખઘેલાં હતાં. દશ વર્ષની સખત મજૂરી પછી આજે એ દિવસ આવ્યો હતો. જીવનનું એકમાત્ર સ્વપ્ન સાકાર થયું હતું. સોનાનું લોકેટ !

આ ઘરમાં પરણીને આવ્યાં પછી જોશનાબાએ કોઈ દાગીનો પહેર્યો નહોતો. ઘરની આર્થિક સ્થિતિ કાયમ તંગ જ રહી. આવક બધી વ્યવહાર, મામેરા, લગ્ન ઇત્યાદિમાં જતી રહી હતી.

શહેરમાં કમાવા આવ્યાં પછી જોશનાબાએ સવાર-સાંજ આકરી મહેનત ચાલું કરી હતી. બંગલામાં કચરા પોતું, રસોઈ વગેરે. દર મહિને નિયમિત બચત કરી હતી ને છેવટે, દશ વર્ષ જેટલી તપસ્યા પછી સોનાનું લોકેટ ખરીદ્યું.

આજે એની ખુશાલીમાં એમણે લાપસી બનાવી હતી, ને સૌ પરિવારજનો સાથે એ ખુશી વહેંચી હતી. નાનો દીકરો આયુષ એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતો હતો. પણ, ઓછો પગાર અને છૂટો હાથ. એને પરિણામે એનો પગાર ઘેર કદી મળતો નહિ. જોશનાબા કાયમ એને ટોકે, ત્રેવડ ત્રીજો ભાઈ કે'વાય. બે પૈસા બચાવ તો આવનાર બૈરી માટે કશુંક વ્યવસ્થા થાય.

જો કે, આજે એમણે આયુષને લોકેટ બતાવ્યું ત્યારે પણ પોતાના દીકરાને કોઈ ખુશી ન થઈ. તેથી, તેઓ એટલું તો પામી ગયાં કે કશુંક ગરબડ છે.

હકીકતમાં, આયુષ જે છોકરી પસંદ કરતો હતો એનાં મા બાપે એવી માંગણી કરી હતી કે એક લાખ રોકડા રૂપિયા આપો તો જ સંબંધ કરીએ. આયુષની દશ હજારની નોકરીમાં કશું જ બચતું નહોતું. એક લાખ રૂપિયા ભેગાં કરવા એટલે એને મન લોઢાનાં ચણા ચાવવા જેવી બાબત હતી. જો બે જ મહિનામાં એ વ્યવસ્થા ન કરે તો એ છોકરી માટે બીજું માગું પણ તૈયાર હતું જ. ને,જુવાન દીકરીનાં માવતર કયાં સુધી રાહ જુવે ?

એ જ ચિંતામાં આયુષ મમ્મીની બનાવેલ એની પ્રિય લાપશી પણ પેટભરી ખાઈ શક્યો નહોતો.

"શું થયું ?"

"અવનીનાં મમ્મી પપ્પા પણ જબરા ..."

"કેમ?"

"અહીં આવ્યાં ત્યારે તો કોઈ શરત ન કરી. ને, હવે લાખ રૂપિયા માંગે?"

"તારે કહી દેવાય ને કે તમને વાત તો કરી કે અમે ભાડાંનાં ઘરમાં માંડ માંડ ગુજરાન ચલાવીએ છીએ. ને, કાલે ઉઠી સારો પગાર થાય તો એ ય થાય...હાલ તો એવી આવક ક્યાં?"

"એ રાહ જોઈ નહીં બેસી રે....હશે, વાંધો નહીં. જવા દે મમ્મી..." કહી પૂરતું જમ્યા વગર આયુષ ઉભો થઈ ગયો. ખૂણામાં પાથરેલી એક પથારીમાં જઈ એ સૂઈ ગયો.

જોશનાબાએ વાસણ ઘસ્યા. કચરા પોતું કરી રૂમમાં આવ્યાં. એક જ રૂમ હતી. જેમાં, પાંચ જણ સાથે રહેતાં હતાં. જૂનો પંખો જેવી-તેવી હવા આપતો હતો. એક જૂનો લાકડાનો ઘોડો વસાવ્યો હતો. જેમાં પડેલા ડબ્બામાં મૂકેલ લોકેટ એકવાર ફરીથી એમણે જોયું. લોકેટનો સ્પર્શ જ એમને રોમાંચિત કરતો હતો.

એ પથારીમાં આવ્યાં. એમણે સૂતેલા આયુષ પર એક નજર ફેરવી. એક ડૂસકું સંભળાયું. જોશનાબા પડખું ફરી સૂઈ ગયાં.

બીજાં દિવસની સવારે એ સોનીની દુકાનમાં જઈ લોકેટ પાછું આપી આવ્યાં. જ્યારે આયુષને ખબર પડી કે લાખ રૂપિયાની વ્યવસ્થા થઈ ગઈ છે, ત્યારે એની આંખમાં હરખનાં આંસુ ઉભરાયાં.

જ્યોતિ આચાર્ય, અમદાવાદ

---

એમણે તો નયનના બાણ ચલાવ્યાં, હવે શું કરૂં?
પાછા કે'છે અમે અજાણ ચલાવ્યાં, હવે શું કરૂં?
ઘાયલ કર્યું છે તન, મન ને વિંધી નાખ્યું છે દિલ,
મહા મુસિબતે અમે પ્રાણ બચાવ્યા, હવે શું કરૂં?
થયો આજ હું ગરકાવ એમના ખ્યાલમાં એવો કે,
દિલ અને દિમાગે રમખાણ મચાવ્યા, હવે શું કરૂં?
કાગળ, દવાત સાથે લૈને, કલમ લીધી છે હાથમાં,
કવિતા લખવા એણે દબાણ કરાવ્યાં, હવે શું કરૂં?
કામણગારી છે એમની હર એક અદા, ને છતાંય,
દિમાગે દિલ ખોલી વખાણ લખાવ્યાં, હવે શું કરૂં?
બસ મળી રહે આ ભવ મને ફક્ત પ્રેમ એમનો જ,
એમના માટે દિલમાં મકાન ચણાવ્યાં, હવે શું કરૂં?
થશે એક'દિ આ દિલના ઘરમાં એમનું આગમન,
એ ખ્યાલે ×વ્યોમ× તોરણ બંધાવ્યાં, હવે શું કરૂં?
મોત નિશ્ચિત છે, જો એ નહીં મળે આ જીવનમાં,
તો અગાઉથી અમે મસાણ સજાવ્યાં, હવે શું કરૂં?



વિનોદ. મો. સોલંકી વ્યોમ
ETCO
(GEB)

## બાઈક પર દારૂની ડીલેવરી આપનાર અને એક્ટિવા પર દારૂ લેવા પહોંચેલ શખ્શને દબોચ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત દારૂબંધી કાયદાના અમલ માટે સખ્તાઈ પૂર્વક કામગીરી કરી રહ્યા છે તેમના માર્ગદર્શન હેઠળ શહેરમાં ધમધમતા દેશી-વિદેશી દારૂ,જુગાર, વરલી-મટકાના સ્ટેન્ડ અને વિદેશી દારૂની હોમડિલેવરી પર જીલ્લા પોલીસતંત્રએ તવાઈ બોલાવી છે તેમ છતાં હજુ પણ મોડાસા શહેરમાં વિદેશી દારૂની હોમડિલિવરી આપતાં ચાર થી ૫ બુટલેગરો સક્રિય છે

મોડાસા શહેરમાં વિદેશી દારૂના શોખીનોને ફોનની કે વોટ્સએપ્પ કોલિંગની એક જ રિંગ પર માંગો તેવી બ્રાન્ડનો અને મોંઘી શરાબ એક્ટિવા કે બાઈક પર ઘરે બેઠા કે ધંધા રોજગારના સ્થળે પહોંચાડવાનું રેકેટ ચાલી રહ્યું છે

મોડાસા ટાઉન પોલીસે સુવિધા એપાર્ટમેન્ટમાં રહેતો કીરણ પટેલ બાઈક પર સાર્વજનિક હોસ્પિટલ પાસે વિદેશી દારૂની હોમડિલેવરી કરતો રંગે હાથે ઝડપી લઈ દારૂ મંગાવનાર નંદનવન સોસાયટીમાં રહેતા અનંત ઉપાધ્યને દબોચી લીધો હતો ટાઉન પોલીસે બુટલેગર કિરણ પટેલના રહેણાંક નીચે ડસ્ટન ગો કારમાંથી વધુ ૨૦ બોટલ દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન ઇન્ચાર્જ પીઆઇ જે.પી.ભરવાડ નાઈટ કર્ફ્યુની અમલવારી માટે શહેરના માર્ગો પર પેટ્રોલીંગમાં હતા ત્યારે મોડાસામાં હોમડિલેવરી માટે પંકાયેલ અને સુવિધા એપાર્ટમેન્ટમાં રહેતો કીરણ પ્રવીણ પટેલ બાઈક પર સાર્વજનીક નજીક વિદેશી દારૂની હોમડિલિવરી આપવાનો હોવાની બાતમી મળતા ટાઉન પોલીસ સાર્વજનીક હોસ્પીટલ નજીક વોચ ગોઠવી દીધી હતી કિરણ પટેલ બાઈક પર વિદેશી દારૂની બોટલ લઈ સાર્વજનીક હોસ્પીટલ નજીક વિદેશી દારૂની બોટલ મંગાવનાર નંદનવન સોસાયટીમાં રહેતા અનંત મુકુંદભાઈ ઉપધ્યાય એક્ટિવા દારૂની બોટલની ડિલેવરી લેતા જ ટાઉન પોલીસ ત્રાટકી બંનેને ઝડપી લેતા રાતના અંધારામાં બુટલેગર અને વિદેશી દારૂના રસીયાના મોતીયા મરી ગયા હતા

ટાઉન પોલીસે બુટલેગર કીરણ પટેલની આગવી ઢબે પૂછપરછ કરતા તેના એપાર્ટમેન્ટ નીચે પાર્ક કરેલી ડસ્ટન ગો કારમાં વિદેશી દારૂની બોટલો રાખેલી હોવાનું જણાવતા પોલીસ બુટલેગર સાથે સુવિધા એપાર્ટમેન્ટમાં પહોંચી બુટલેગરની કારમાંથી વધુ ૨૦ બોટલ દારૂ જપ્ત કર્યો હતો ટાઉન પોલીસે વિદેશી દારૂની બોટલ નંગ-૨૧ કીં.રૂ.૧૫૧૨૦/-,કાર, બાઈક તેમજ એક્ટિવા મળી કુલ.રૂ.૨૧૦૧૨૦ /-નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર કીરણ પ્રવીણ પટેલ અને વિદેશી દારૂ મંગાવનાર અનંત મુકુંદભાઈ ઉપધ્યાયની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના હર હંમેશ પ્રજા લક્ષી કામ ગીરી કરવા માં આગળ જ હોય છે ત્યારે પ્રદેશ ઉપ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તરફ થી બાયડ, માલપુર, બાલાસિનોર, વીરપુર, કપડવંજ, ધનસુરા જેવા નજીક ના તાલુકા માં ૨૦૦ થી વધુ સેન્ટર ઉપર મીથીલિન બ્લ્યુ નું મફત વિતરણ કરવા માં આવ્યું છે કોરોના ની મહામારી માં કોરોના ના લક્ષણ ધરાવતા દર્દી માટે ડોકટરની સલાહ લીધા પછી લેવી અને તે નિઃસુલક દવા નું વિતરણ કરવા માં આવ્યું છે એટલે સેન્ટર પરથી કોરોના ના દર્દી ઓ દવા મેળવી લેવા અપીલ કરવા માં આવી છે અને નિયમ નું પાલન કરવું જરૂરી છે અને દરેક સમાજ તે કામગીરી ને વખાણી રહ્યું છે..

# તૌકતે વાવાઝોડું" સંદર્ભે આરોજ ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીની અદયક્ષતામાં જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ

ગાંધીનગરઃ રવિવારઃ

અરબી સમુદ્રમાં સક્રિય અતિ ભાયનક તૌકતે વાવાઝોડું સંદર્ભે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં તૌકતે વાવાઝોડા દરમ્યાન તાલુકા કક્ષાએ કેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે, તેની સવિસ્તાર માહિતી જિલ્લા કલેકટરશ્રીએ અધિકારીશ્રીઓ પાસેથી મેળવી હતી. તેમજ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ દરેક અધિકારી- કર્મચારીઓએ પોતાના હેડકવાર્ટરમાં જ રહેવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. ભારે પવન તથા વરસાદને કારણે કાચા મકાનો / ખુલ્લામાં રહેતા લોકોની સલામતી માટેના પગલાઓ લેવા દરેક તાલુકામાં શું શું વ્યવસ્થા કરવામાં આવી છે, તેની માહિતી તમામ તાલુકાના નોડલ અધિકારીઓ પાસેથી મેળવી હતી.

કલેકટરશ્રી દ્વારા વીજ થાંભલાઓ પડી જવાના કારણે વીજ પુરવઠો ખોરવાઇ જાય તો તેને કારણે હોસ્પિટલમાં રહેતા દર્દીઓની સારવાર માટે કોઈ પ્રશ્ન ન થાય તે માટે થઈને જનરેટર અને વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવા માટે જરૂરી પગલાં લેવા જણાવવામાં આવ્યું હતું. સરકારશ્રીની સ્થાયી સુચનાઓ મુજબ જાન અને માલનું નુકસાન ન થાય તે માટે જરૂરી પગલાં લેવા તેમજ પેટ્રોલ- ડીઝલ, અનાજ, દૂધ વિગેરેનો પુરવઠો જળવાઈ રહે તે માટેના પણ જરૂરી પગલાં લેવા જણાવવામાં આવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, હોર્ડિંગ વિગેરે જે ભારે પવનને કારણે પડી જવાની શકયતાઓ હોય તો તેને દૂર કરવા અથવા તો તેમની નજીકનાં કોઈ જાનમાલને નુકસાન ન થાય તે માટેના જરૂરી પગલાં લેવામાં આવે. ખેતરોમાં અને ખુલ્લામાં રહેતા લોકો તેમજ ઝુંપડા કે કાચા મકાનમાં રહેતાં લોકોને સલામત સ્થળે ખસેડવાની જરુરિયાત ઉભી થાય તો એ માટેના તમામ તાલુકામાં નક્કી કરવામાં આવેલા આશ્રયસ્થાનોની માહિતી મેળવી હતી. આશ્રયસ્થાનોમાં તમામ પ્રાથમિક સુવિધાની ચકાસણી કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પીવાના પાણીનો પુરવઠો પુરો પાડતા પંપ હાઉસ પર વીજ પુરવઠો બંધ થતાં વૈકલ્પિક વ્યવસ્થા બાબતે પણ તમામ તાલુકાના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.. રોડ પર ઝાડ પડવાને કારણે રસ્તાઓ બંધ થાય તો એ ખસેડવા માટેની વ્યવસ્થાઓ અને સાધનો ની વ્યવસ્થા પણ કરી રાખવા જણાવ્યું હતું. તેમજ પ્રિ – મોન્સુની બેઠકમાં થયેલી ચર્ચા મુજબ ના તમામ પાસાઓ અંગે પૂર્વ તૈયારી કરી અને કોઈપણ જાનમાલનું નુકસાન ન થાય તે માટેના જરૂરી તમામ પગલાઓ લેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

ઓનલાઈન યોજાયેલ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી એસ.એમ.ભોરણિયા, કલોલ પ્રાંત અધિકારી શ્રી એ.ડી.જોષી, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવી સહિત સંબંધિત વિભાગના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત '"તાઉતે" વાવાઝોડાનો સામનો કરવાં માટે સંપૂર્ણ સજ્જ છે : મુખ્યમંત્રીશ્રી

# ભાવનગર ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને કોરોના સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઇ



મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ છે કે, ગુજરાત રાજ્ય કોરોનાની બીજી લહેરની પીક હાંસલ કરીને હવે ધીમે-ધીમે કોરોનાના દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. કોરોના માટે આપણે કરેલાં પ્રતિબધ્ધ પગલાંઓને કારણે આ શક્ય બન્યું છે.

ભાવનગર ખાતે કોરોનાની સ્થિતિનાં આકલન, મુલ્યાંકન અને સમીક્ષા માટે પધારેલાં મુખ્યમંત્રીશ્રીએ પત્રકારોને સંબોધતાં જણાવ્યું કે, કોરોનાની એક આફતમાંથી ઉગર્યા બાદ હવે '"તાઉતે"' વાવઝોડાની નવી આફત ગુજરાત સામે ઉભી થઈ છે.

જો કે હવામાન ખાતાની અગાઉથી આગાહીને પગલે તેમજ કેન્દ્ર સરકારનાં સહયોગથી તેનો સામનો કરવાં માટે આગોતરી તૈયારીઓ કરી દેવામાં આવી છે અને ગુજરાત 'ઝીરો કેઝ્યુઆલીટી'' સાથે તેનો સામનો કરવાં માટે સંપૂર્ણ સજ્જ છે.

'"તાઉતે" ' વાવઝોડાનો સામનો કરવાં માટે નિચાણવાળા વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર ચાલુ કરી દેવામાં આવ્યું છે. ઉડી જાય તેવાં હોર્ડિંગ્સ, કાચા ઝૂપડાઓ વગેરેને સલામત સ્થળે ખસેડી દેવામાં આવે તે માટેની સૂચનાઓ આપી દેવામાં આવી છે. સમગ્ર તંત્ર 'સ્ટેન્ડ ટુ'ની સ્થિતિમાં કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવાં માટે સજ્જ છે.

રાજ્યમાં કોરોનાની બીજી લહેરમાં ૨૭-૨૮ તારીખે ૧૪,૫૦૦ કેસ હતા. તે ગઈકાલ સુધીમાં ૯,૦૦૦ સુધી નીચે આવી ગયાં છે. તે આપણા સૌ માટે રાહતનાં સમાચાર છે.

કોરોનાકાળમાં આ માટે જ રાજ્યનાં જુદા-જુદા જિલ્લાઓનાં જુદા-જુદા સમયે મુલાકાત લઈ કોરોનાની કોર ટીમ દ્વારા મુલાકાત લઈ સ્થિતિનો આકલન કરી તે પ્રમાણે નિર્ણયો લેવામાં આવે છે.

ભાવનગરની હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન, રેમડેસિવિર, સ્ટાફ, મારૂ ગામ કોરોનામુક્ત ગામ, વગેરેની સમીક્ષા હાથ ધરી હતી તેની વિગતો તેમણે પત્રકાર મિત્રોને આપી હતી.

તેમણે કહ્યું કે, તાઉતે' નામનું વાવાઝોડુ ઝડપથી ગુજરાત તરફ આવી રહ્યું છે. ગુજરાત મોટો દરીયાકિનારો ધરાવે છે. વળી તે દિવ, ભાવનગર, જુનાગઢમાં હીટ થાય તેવી હવામાન વિભાગની આગાહી છે. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી સાથે આ બાબતે અત્યારે જ વિડિયો કોન્ફરન્સનાં માધ્યમથી થયા થઈ છે અને તેમને ગુજરાતને જરૂરી તમામ માદદની ખાતરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અત્યારે કોવિડની પરિસ્થિતિમાં દર્દીઓની જાણવણી સાથે એકપણ વ્યક્તિ જ મૃત્યુ ન થાય તે માટે તમામ માછીમારોને દરિયામાંથી પરત બોલાવી લીધાં છે. અગરીયાઓનું પણ સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૪૪ એન.ડી.આર.એફ.ની ટીમ ફાળવી આપવામાં આવી છે. ૨૬ ટીમ આવી પણ ગઈ છે અને બાકીની આજ સાંજ સુધીમાં આવી જશે.

ગુજરાત સરકારે પણ વાવઝોદાનો સામનો કરવાં ૮૫ આઇ.સી.યુ. ઓન વ્હિલ જામનગર, ભાવનગર, જુનાગઢ વગેરે જિલ્લાઓમાં તૈયાર રાખી છે તેમ જણાવી તેમણે પોરબંદર, અમરેલી, ગીર-સોમનાથ, જુનાગઢ, બોટાદ, રાજકોટને વધુ પડતી અસર થાય તેમ છે તેમજ ૧૫૦ કિ.મી.ની ઝડપથી વાવઝોડું ફુંકાવાની શક્યતાંને પગલે એસ.ડી.આર.એફ. પોલીસ, ફાયરબ્રિગેડ, કોર્પોરેશનને હાઈએલર્ટ રહેવાં આદેશો કરી દેવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, ૧૩૦૦ જેટલી કોવિડ હોસ્પિટલોમાં પાવર સપ્લાય ન ખોરવાય તે માટે ડી.જી.સેટ તૈયાર રખાયાં છે. ઓક્સિજન બનાવતી કંપનીઓ પણ ઓક્સિજનનું ઉત્પાદન ન અટકે તે માટેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સેવાભાવી સંસ્થાઓને પણ દર વખતની જેમ આ વખતે પણ મદદ કરવાં તૈયાર રહેવાં અને આ માટે જે-તે જિલ્લાનાં કલેક્ટરશ્રીના સંપર્કમાં રહેવાં અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વધેલા મ્યુકરમાઈસિસના કેસ અંગે જણાવ્યું કે, વિવિધ જગ્યાઓએથી તેના ઈન્જેકશન મેળવવામાં આવી રહ્યા છે અને તેની અછત જલદીથી દૂર થશે. તેમણે અપીલ કરતાં કહ્યુ કે, કોરોનાને જલદીથી ખતમ કરવા લોકો માસ્ક પહેરે, ઘરની બહાર બિનજરૂરી ન નીકળે તેમ જ તાવ, શરદીના લક્ષણો જણાય તો તરત જ ટેસ્ટ કરાવી લે તે હિતાવહ છે.

સંભવિત "તાઉતે" વાવાઝોડાના પગલે દરિયાઈ પટ્ટીના લોકો પણ ઝડપથી ઉંચાણવાળી જગ્યાએ સ્થળાંતરીત થઈ જાય, દરિયાકિનારેથી બોટને પણ સલામત સ્થળે લઈ જાય, ઘરની બહાર ન નીકળે અને તંત્ર દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેમાં સહકાર આપે તેવી હાકલ તેમણે કરી હતી.

તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી અને કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ '"તાઉતે" ' ના સામના માટે આર્મી, નેવી અને એરફોર્સની મદદ પણ મળી રહેવાની છે. ભાવનગરનાં ૪૩ ગામોને અસર થાય તેમ છે. તેથી ત્યાં સ્થળાંતર કરવાં માટેની સૂચના કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપી દીધી છે. કોર્પોરેશન દ્વારા પણ આજથી કંટ્રોલરૂમ ચાલુ કરવામાં આવી રહ્યો છે.

### ગાંધીનગર મહાનગર પાલિકાની

# કોવિડ- ૧૯ની પરિસ્થિતિ ની સમીક્ષા બેઠક મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોરની અધ્યક્ષતામાં યોજાઈ

## કોરોના સામે લડવા એક માત્ર ઉપાય વેકસિન—કોવિડના નિયમોનું પાલનછે: મંત્રીશ્રીદિલીપભાઈઠાકોર

ગાંધીનગર : રવિવારઃ

ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાની મહા બિમારીએ બળિયાદેવની બાધા કરવાથી મટી જશે, જેવી અંધ શ્રધ્ધામાંથી બહાર આવવા અને કોરોના સામે લડવા એક માત્ર ઉપાય વેક્સિનેશન તથા કોવિડના નિયમોનું પાલન છે. તેમ રાજયના શ્રમ રોજગાર અને ડિઝાસ્ટર મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોરે આજે ગાંધીનગર મહાનગર પાલિકાની કોરોનાની પરિસ્થિતિની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઝડપથી વેક્સિનેશન વધારીને મૃત્યૃદર ઘટાડવા તથા આઈશોલેશનમાં કાળજી પૂર્વક સારવાર આપી રિકવરીરેટ વધારવા પર ભાર મૂકતાં દવાઓની સાથે સાથે અવેરનેશ ખાસ જરૂરી છે. માસ્ક, સેનેટાઈઝરનો પુરવડો વધારવા તેમજ સોશ્યિલ ડિસ્ટન્સનું પાલન થાય તે જરૂરી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે ગ્રામીણ કક્ષાએ કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓને ગામમાં જ આઈસોલેશનમાં રાખી સારવાર કરવાથી સારુ પરિણામ મળ્યું છે. તે જ રીતે શહેરોમાં પણ મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ અભિયાન શરૂ કરવામાં માટે ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડ વાઈઝ આઈસોલેશન અને સ્ટાફ તેમજ સાધનોની સમીક્ષા કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી રતનકંવર ગઢવીચારણ દ્વારા રજૂ કરાયેલ પ્રેઝેન્ટેશનની માહિતી અને પરામર્શથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ ટેસ્ટીંગ અને વેકસિનેશન વધારવા પર ભાર મુક્યો હતો. તેમજ ઓકસિજન બેડ – આઈસોલેશન અને રેમડેસિવિર ઈન્જેકશનો અંગેની જાત માહિતી મેળવી હતી. મંત્રીશ્રીએ શહેરમાં આવેલ સેકટર- ૩૦ અને સરગાસણ અંતિમ ધામમાં લાકડાનો પુરવઠો જળવાઈ રહે તે અંગેની જરૂરી સૂચનાઓ આપી હતી.

બેઠક બાદ મંત્રીશ્રીએ કોલવડા કોવિડ સેન્ટર હોસ્પિટલની મુલાકાત લઈ કોવિડ વોર્ડની આઈસોલેશન અને ઓકસિજનની જાત માહિતી લીધી હતી. તેમણે ઓકસિજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

આ બેઠકમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ.દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર શ્રી ડૉ. કલ્પેશ ગોસ્વામી, ગાંધીનગર સિવિલ સર્જન શ્રી ડૉ. નિયતી લાખાણીઅને અન્ય સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નાંદોદ તાલુકાના લાછરસ ગામેથી મોટો જુગાર ઝડપાયો

# કોરોના લોકડાઉનમા બહાર ન નીકળી શકતા મંદાના ગ્રામજનો જુગારને રવાડે ચડ્યા!



રાજપીપલા, તા ૧૬

કોરોના લોકડાઉનમા બહાર ન નીકળી શકતા ગ્રામજનો જુગારને રવાડે ચડ્યા છે. ગઈ કાલે રાજપીપલા પોલીસે લાછરસ ગામે જુગારની મોટી રેડ કરતા રોકડ રકમ ૧૦૮૧૦/- તથા ત્રણ મો.સા, પાંચ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૦૭,૩૧૦/-નો મુદ્દામાલ કબ્જે કરી રાજપીપલા પોલીસે ૬ જુગારીઓની ધરપકડકરી છે. જેમાં સાત ફરારથઈ ગયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્ચા. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.ચૌહાણની સુચના મુજબ રાજપીપલા પોલીસને ખાનગી રાહે બાતમી મળેલ કે લાછરસ ગામની સીમમાં અશોકભાઈ ચંપકભાઈ પટેલ ના ખેતરમાં લીમડાના ઝાડ નીચે હાર જીતનો પત્તા પાનાનો જુગાર રમી રહેલ છે.એવી બાતમીને આધારે ઈન્ચા.પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.ચૌહાણ તથા પંચો સાથે બાતમીવાળી જગ્યાએ રેડ કરી જગ્યા ઉપર કોર્ડન કરતા છ ઈસમો(૧)રોશનભાઈ પ્રવિણભાઈ પટેલ રહે.થરી તા.નાંદોદ (૨) મિતેષભાઈ મહેન્દ્રભાઈ દેસાઈ રહેલાછરસ તા.નાંદોદ (૩) અમિતકુમાર હર્ષદભાઈ દેસાઈ રહે.લાછરસ તા.નાંદોદ (૪) વિક્રમભાઈ નરપતભાઈ તડવી રહે.ટંકારી તા.નાંદોદ (૫) જયેશભાઈ ભાઈલાલભાઈ તડવી રહે.ગુવાર તા.નાંદોદ (૬)નરેન્દ્રકુમાર એલસીંગભાઈ તડવી રહે.માંગરોલ તા.નાંદોદ સ્થળ ઉપર પકડાઈ ગયાહતા.તથા વોન્ટેડ આરોપી (૧)લક્ષ્મણભાઈ મેલાભાઈ તડવી તથા (૨)રમેશભાઈ શનાભાઈ તડવી તથા (૩)મહેશભાઈ રેવાદાસ તડવી (ત્રણેય રહે. રહેમાંગરોલ તા.નાંદોદ)તથા (૪)પરેશભાઈ અરવિંદભાઈ વસાવા (રહે.લાછરસ તા.નાંદોદ ) તથા (૫)ચેતનભાઈ ઠાકોરભાઈ પાટણવાડીયા (રહે.લાછરસ તા.નાદોદ) તથા (૩)બુધ્ધીસાગર પાટણવાડીયા (રહે.લાછરસ તા.નાંદોદ ) તથા (૭)અશોકભાઈ ચંપકભાઈ પટેલ રહે.લાછરસ તા.નાંદોદ ઓ નાશી ગયેલ તેમજ પકડાયેલ ઈસમોની અંગ ઝડતી તથા દાવ ઉપરના કુલ કિમત.૧૦૮૧૦/- રોકડ રકમતથા મો.સા.નંગ-૦૩ કિ.રૂ.૮૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૫ કિ.રૂ.૧૬,૫૦૦/- મળી કુલ રૂ.૧.૦૭.૩૧૦/-નો મુદ્દામાલ કબ્જે લીધેલ છે. કુલ મુદ્દામાલ સાથેકૂલ ૬ આરોપીઓ પકડાયેલ. આ આરોપીઓને રાજપીપલા પોલીસ મથકે લાવી તેમની સામે જુગાર ધારા કલમ.૧૨ તથા ઈ.પી.કો.કલમ.૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ કલમ.૫૧(બી) મુજબ કાયદેશર કાર્યવાહીહાથ ધરી છેતેમજ ફરાર ૭ ઈસમોને ઝડપી પાડવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# વાવાઝોડું વરસાદ પડતા રાજપીપલામા વીજળી ડુલ



રાજપીપલા, ૧૬

રાજપીપલા મા સાડા ચાર કલાકે આજે પવન ના સુસવાટા સાથે ધૂળની ડમરીઓ ઊડતી થઈ હતી. આજે સવારથી જ તાપમાન નો પારો વધતા અસહ્ય ગરમી અને બફાટ વચ્ચે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા પંખા કૂલર એસી પણ ટાંચા પડતા હતા. ત્યાર બાદ બપોર પછી વાતાવરણ મા અચાનક પલટો આવ્યો હતો. અને આકાશ મા કાળા વાદળો ઘેરાવા શરૂ થયા હતા.

ત્યાર બાદ અચાનક ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. ભર ઉનાળે ધોધમાર વરસાદ તૂટી પડતા રાજપીપલા ના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. લોકો વરસાદ મા દોડતા થઈ જતા દોડધામ મચી જવા પામી હતી. જેને કારણે વાતાવરણ મા ઠન્ડક પ્રસરતા ગરમી મા લોકોને રાહત થઈ હતી. જોકે વાવાઝોડું વરસાદ પડતા રાજપીપલા મા વીજળી ડુલ થઈ હતી

તસવીર :જયોતી જગતાપ, રાજપીપલા

### રાજ્ય સરકારના આદેશ મુજબ મોડાસા ધારાસભ્યએ

# મોડાસા અને ધનસુરા ના PHC કેન્દ્રો મા ૪૬.૬૫ લાખ ની ગ્રાન્ટ ફાળવી



મોડાસા ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે તેમના મતવિસ્તારમાં આવતા મોડાસા તાલુકાના લીભોઈ ,બોલુન્દ્રા ,સરડોઈ , ટીન્ટોઈ ,શીનાવાડ હઠ દધાલિયા ,તેમજ અર્બન મોડાસા ખાતે ના તેમજ ધનસુરા તાલુકાના વડગામ ,શિકા , આકરુંદ, ભેંશાવાડા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઓક્સિજન કીન્સન્ટ્રેટર મશીનો માટે અંદાજે ૨૪.૧૫ લાખ તેમજ ઘાંચી આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ માટે આરોગ્ય લક્ષી સાધનો માટે ૯.૯૦ લાખ તેમજ મોડાસા શહેર ની લઘુમતી સમાજ દ્વારા સંચાલિત વિવિધ હોસ્પિટલ મા ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનો માટે ,૧૨.૬૦ લાખ ની ગ્રાન્ટ મળી કુલ ૪૬.૬૫ લાખની ગ્રાન્ટ ધારાસભ્ય ફંડ માથી ફાળવણી કરવા અરવલ્લી જિલ્લા આયોજન અધિકારીને ભલામણ કરવામાં આવેલ છે.આ બાબતે જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી એજણાવ્યું હતું કે રાજ્ય સરકાર શ્રી દ્વારા રાજ્યના તમામ ધારાસભ્યશ્રી ઓ ને ફરજિયાતપણે ઓછા મા ઓછા ૫૦ લાખ ની ગ્રાન્ટ kovid 19 સામે લડવા માટે આરોગ્યલક્ષી સાધનો માટે ફાળવવા જણાવવામાં આવેલ છે જે અંતર્ગત social media whatsap થી ભલામણ મળેલ છે જેની સહી સાથેની નકલ કચેરીએ મળ્યે થી સોમવારે પ્રાથમિક મંજુરી આપી દેવામાં આવશે

જિલ્લા આરોગ્ય અધિકારી પાસે થી આ કામના સક્ષમ અધિકારી ની તાંત્રિક મંજુરી સાથેના નકશા અંદાજો મળ્યા બાદ મહામારી ગંભીરતા જોતા જે તે દિવસે જ આ કામોની વહીવટી મંજૂરી આપી દેવામાં આવશે અને ગ્રાન્ટ ફાળવણી પણ સાથે સાથે જ કરી દેવામાં આવશે જેથી બંને તાલુકા જાહેર જનતાને આરોગ્યલક્ષી સેવાનો લાભ મળી રહે .

### તૌકતે વાવાઝોડાની અસર અરવલ્લીમાં

# મોડાસા સહીત ઠેર ઠેર વરસાદી ઝાપટા ખાબક્યા ખેડૂતો ચિંતીત, ભારે-હળવા પવન ફૂંકાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર રાજય કોરોનાની મુસીબતથી ભારે પરેશાન છે ત્યારે વધુ એક તૌકતે વાવાઝોડાની મુસીબત માથે આવીને ઉભી છે.અરબી સમુદ્રમાં સર્જાયેલ તૌકતે વાવાઝોડું રાજયના દરિયાકાંઠા પર સોમવારથી ટકારાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અરવલ્લી જીલ્લામાં તૌકતે વાવાઝોડાની અસર રવિવારે જોવા મળી હતી વાતાવરણમાં એકાએક પલ્ટો આવવાની સાથે વરસાદી ઝાપટા ખાબક્યા હતા જીલ્લામાં ઠેર ઠેર વરસાદી ઝાપટા ખાબકતા ખેડૂતોને પકવેલ પાક અને ખેતીને નુકશાન થવાની સંભાવના પેદા થતા ખેડૂતો ચિંતીત બન્યા હતા જીલ્લા ઈન્ચાર્જ કલેકટર ડૉ.અનીલ ધામલીયાએ કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને વાવોઝોડાના પગલે વીજ પુરવઠો ખોરવાય તો દર્દીઓને સારવારમાં અડચણ પેદા ન થાય તે માટે જનરેટ સહીત યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા તાકીદ કરી છે

અરબી સમુદ્રમાં સર્જાયેલ તૌકતે વાવાઝોડાએ આજે વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે અને હવામાન વિભાગે રજૂ કરેલી વિગત મુજબ કલાકના ૧૫૦ થી ૧૬૦ કિલોમીટરની ઝડપે ચક્રવાત ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે.

જો કે વાવાઝોડાની નહિવત અસર ઉત્તર ગુજરાતમાં જોવા મળશેની હવામાન વિભાગે આગાહી કરી છે ત્યારે અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં બપોરે એકાએક પલ્ટો આવ્યા બાદ પવન સાથે વરસાદી ઝાપટા ખાબકતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો મોડાસા શહેરના માર્ગો પર પાણી ભરાયા હતા જીલ્લામાં કેટલાક સ્થળોએ ભારે થી હળવો પવન ફૂંકાતા ખેડુતો અને ગ્રામ્ય વિસ્તારના લોકોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી

# લગ્નમાં પંચોતેરથી એંસી જેટલા માણસો ભેગા કરી તથા ડિજે વગાડતા ૪ ઈસમો સામે પોલીસ ફરિયાદ

રાજપીપલા, તા ૧૬

નાંદોદ તાલુકાના રૂંઢ ભીલવાડા ગામેમોરા ફળીયુમા લગ્નમાં પંચોતેર થી એંસી જેટલા માણસો ભેગા કરી તથા ડિજે વગાડતા ૪ ઈસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરી છે જેમાં ફરીયાદી પીએસઆઈ પી.એમ પરમાર રાજપીપલાએ જાતે ફરિયાદી બની આરોપીઓ (૧) મનુભાઈ ચંદુભાઈ વસાવા (રહે.મોરા ફળીયા,રૂઢ ભીલવાડા તા.નાંદોદ જી.નર્મદા) (૨) મહેન્દ્રભાઈ મોહનભાઈ વસાવા (૩) કેતનભાઈ શ્રાવણભાઈ વસાવા (૪) કૌશીકભાઈ નાનુભાઈ વસાવા (ત્રણેય રહે-આમલેથા તા-નાંદોદ)સામે રાજપીપલા પોલીસમા ફરિયાદ નોંધી છે .ફરિયાદની વિગત અનુસાર આરોપી લગ્નના આયોજક મનુભાઈ ચંદુભાઈ વસાવા (રહે.મોરા ફળીયા,રૂઢ ભીલવાડા તા.નાંદોદ) એપોતાની પુત્રીના લગ્નમાં પંચોતેર થી એંસી જેટલા માણસો ભેગા કરી તથા ડિજે પાર્ટીના માલીક મહેન્દ્રભાઈ મોહનભાઈ વસાવા (રહે-આમલેથા) લગ્નમાં ડિજે મોકલી તથા ડિજેના ઓપરેટર કેતનભાઈ શ્રાવણભાઈ વસાવા (રહે-આમલેથા)એ ડિજ વગાડી તથા ડીજેને ટ્રેકટરમા મુકી લાવનાર ટ્રેકટર ડ્રાઈવર કૌશીકભાઈ નાનુભાઈ વસાવા (રહે..આમલેથા) ઓએ ટોળુ ભેગુ કરવામાં આયોજકને મદદગારી કરી સોશિયલ ડિસ્ટન્સીગનો ભંગ કરી રોગચાળાનો ફેલાવો થાય તેવું કૃત્ય કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરીપોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

# મોડાસાના દધાલિયા ગ્રામ પંચાયત દ્વારા કોરોના સંક્રમણ અટકાવવા ફરી ૧૬ દિવસનું લોકડાઉન લગાવ્યું



અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં દિનપ્રતિદિન કોરોના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.જિલ્લાના શહેરી બાદ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાનો રાફડો ફાટયો છે.ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ અટકાવવા વિવિધ ગ્રામ પંચાયતો લોકડાઉન લાગવી સંક્રમણ અટવવાના પ્રયાસો હાથ ધર્યા છે.ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલીયા ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ૧૦ દિવસનું સ્વયંભૂ લોક ડાઉનલોડ લગાવ્યું હતું,લોકડાઉન થી ગામમાં કોરોના કેસમાં આંશિક ઘટાડો પણ નોંધાયો હતો પરંતુ થોડા દિવસો બાદ દધાલીયા,જંબુસર,ઉમેતપુર,તખતપુર સહિત આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસોમાં આંશિક વધારો નોંધાતા દધાલિયા ગ્રામ પંચાયતના સરપંચ ભાનુભાઈ પંડ્યા,ડે.સરપંચ હિતેશ પટેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સહિત કર્મચારીઓ વચ્ચે શનિવારે કોરોના અંતર્ગત બેઠક યોજાઈ હતી જેમાં કોરોના કેસો ઘટાડવા માટે ની ચર્ચાઓ બાદ લોકો કામ સિવાય ઘરની બહાર ન નીકળે તેમજ લોકોની ભીડ એકઠી ન થયા તે માટે ગ્રામ પંચાયત દ્વારા ગામમાં ૧૬/૫/૨૧ થી ૩૧/૫/૨૧ સુધી ૧૬ દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી,ગામમાં કરિયાણા,પાન પાર્લર,તેમજ અન્ય દુકાનદારોને ૧૬ દિવસ સુધી સવારે ૭ વાગ્યા થી બપોરે ૧૨ વાગ્યા સુધી દુકાનોને ખુલ્લી રાખવા માટે જાણવામાં આવ્યું હતું,તેમજ ચુસ્તપણે લોકડાઉનથી ગામામાં કોરોના સંક્રમણ અટકાવવા ગ્રામ પંચાયત દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.